# સુરત મહાનગરપાલિકા

www.suratmunicipal.gov.in

## "જાહેરનામું"

ગુજરાત રાજ્ય એપેડેમિક ડીઝીસ એક્ટ–૧૮૯૭ ની કલમ નં.૨,૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Dt.20/03/2020 થી પેરા–૧૧ મુજબ આપેલ વિશિષ્ટ સત્તાને આધિન COVID-19 (કોરોના વાઈરસ ડીસીસ–૨૦૧૯) સંદર્ભે યોગ્ય પગલા ભરવા અધિકૃત કરવામાં આવેલ છે.

આથી હું, બંછાનિધિ પાની,IAS કમિશ્નર, સુરત મહાનગરપાલિકા ઉપરોકત પેરા–૧૧ થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) હાલના સંજોગો જોતાં આગામી તા.૨૫/૦૩/૨૦૨૦ સુધી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ આવશ્યક સેવાઓ સિવાય જેવી કે, તમામ સોના–ચાંદીની દુકાનો તથા શો રૂમો, તમામ કાપડની દુકાનો / શો રૂમો, તમામ પાનના ગલ્લા, તમામ ચાની દુકાનો, તમામ ખાણીપીણીની લારીઓ તથા તમામ સલુનો બંધ રાખવાના રહેશે.

(૨) સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ જીવનજરૂરીયાતની આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાનો / સંસ્થાઓ જેમ કે, અનાજ કરિયાણાની દુકાનો, શાકભાજી, ફળફળાદી (માર્કેટ / સ્ટોર વિગેરે) ની દુકાનો, દુધ તથા દુધની બનાવટો તથા મેડીકલ સ્ટોર્સ ચાલુ રાખવાના રહેશે.

(૩) બિન આવશ્યક સેવાઓ પુરી પાડતી સંસ્થાઓએ તેઓના ૫૦% સ્ટાફ પાસેથી કામગીરી લેવાની રહેશે. વધુમાં, નીચે જણાવેલ આવશ્યક સેવાઓ બાકાત રહેશે.

- પીવાનું પાણી પુરુ પાડતી સંસ્થાઓ
- બેંકીગ સર્વિસીસ પુરી પાડતી સંસ્થાઓ
- ટેલિફોન તથા ઈન્ટરનેટ સેવાઓ પુરી પાડતી સંસ્થાઓ
- વાહન વ્યવહાર પુરી પાડતી સંસ્થાઓ
- અનાજ કરિયાણા, શાકભાજી, દુધ પુરું પાડતી સંસ્થાઓ
- હોસ્પિટલ, મેડીકલ સેન્ટર તથા મેડીકલ સ્ટોર્સ

ઉપરોકત હુકમનો તમામ નાગરિકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે, અન્યથા સદર હુકમ નામાનો અનાદર કરનારની સામે ઈન્ડિયન પિનલ કોડ ની કલમ–૧૮૮ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./ ૫૦૪
તા. ૨૧/૦૩/૨૦૨૦

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા